## અગ્રતાક્રમ -: ૧૭

વિભાગ: ઉદ્યોગ અને ખાણ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૯૨૧

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તા.૧૩/૦૨/૨૦૨૪

૧૫મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

પ્રશ્નનું શીર્ષક: ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ તથા તેમનો મત વિસ્તાર: શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ (વિરમગામ)

# અગ્રતાક્રમ- ૧૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૯૨૧

## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય યોજના

## અનુક્રમણિકા


| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મુખ્ય પ્રશ્ન | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| જવાબ | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું હાર્દ | પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | બજાર વિકાસ સહાય યોજના શું છે?તેના ઉદેશ શું છે? | શ્રી હાર્દિકભાઇ પટેલ (વિરમગામ) |
| પેટા પ્રશ્ન-૨ | બજાર વિકાસ સહાય યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે? | શ્રી હાર્દિકભાઇ પટેલ (વિરમગામ) |
| પેટા પ્રશ્ન-3 | બજાર વિકાસ સહાય યોજના માટે સહાયનું ધારા ધોરણ શુ છે ? | શ્રી દિનેશસિંહ કુશવાહ (બાપુનગર) |
| પેટા પ્રશ્ન-૪ | બજાર વિકાસ સહાય યોજના હેઠળ સહાય ચુકવવાની વ્યવસ્થા શું છે? | શ્રી દિનેશસિંહ કુશવાહ (બાપુનગર) |
| પેટા પ્રશ્ન-૫ | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ દ્વારા બજાર વિકાસ સહાય સિવાય કાંતનાર-વણનાર કારીગરોને અન્ય કયા લાભ આપવામાં આવે છે ? | શ્રી અમિત ઠાકર (વેજલપુર) |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

02

તારાંકિત પ્રશ્ન

ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/921

વિષય:

અમદાવાદ જિલ્લામાં ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

| સૂચના મળ્યાની તારીખ: 11/01/2024 | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ 07/02/2024 | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ 22/01/2024 |
|---|---|---|

*15/4/921 શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ(વિરમગામ)

કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારશ્રી દ્વારા ખાદી વેચાણને પ્રોત્સાહિત કરવા બજાર વિકાસ સહાય યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી કરતી કેટલી સંસ્થા-મંડળીઓ સંકળાયેલી છે,

(૩) ઉક્ત સંકળાયેલ સંસ્થા-મંડળીઓને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવાયેલ છે?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

**ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય**

**★15/4/921 શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ (વિરમગામ): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાદી વેચાણને પ્રોત્સાહિત કરવા બજાર વિકાસ સહાય યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, રાજ્ય સરકારશ્રીની બજાર વિકાસ સહાય યોજના ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ,ગાંધીનગરના સુધારા ઠરાવક્રમાંક: ગમઉ/૧૦૨૦૧૫/૫૨૦(૩૨૬૬૪૩)/ખ૧,તા.૨૪ /૦૨/૨૦૧૬ અન્વયે તા.૦૧/૦૪/૨૦૧૬થી અમલમાં છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી કરતી કેટલી સંસ્થા-મંડળીઓ સંકળાયેલી છે, | (૨) અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૨૮ સંસ્થાઓ ઇ-કુટિર પોર્ટલ (ખાદી બોર્ડ) પર રજીસ્ટ્રેશન થયેલ છે. |
| (૩) ઉકત સંકળાયેલ સંસ્થા-મંડળીઓને ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચુકવાયેલ છે? | (૩) ઉકત સંસ્થા/મંડળીઓને છેલ્લા બે વર્ષમાં ૩.૨૪૫.૬૧ લાખ બજાર વિકાસ સહાય ચુકવવામાં આવેલ છે. |

---

ક્રમાંક:વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.૩/ખ.૧
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

આપના તા.૨૩/૦૧/૨૦૨૪ના પત્રક્રમાંક: પ્રશ્ન ૧૫૪૯૨૧ના અનુસંધાને (ચાર નકલો સાથે) મોકલવામાં આવે છે.

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

મુખ્ય પેજ પર જાઓ

# <u>પ્રશ્નનું હાર્દ</u>

## <u>ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય યોજના</u>

(૧) માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ખાદીની કામગીરી સાથે સંકળાયેલ કારીગર વર્ગને વધુમાં વધુ રોજગારી મળે તેમજ ખાદીના વેચાણને પ્રોત્સાહન મળે તે માટે "ખાદી ફોર નેશન ખાદી ફોર ફેશન"ના અભિયાન અંતર્ગત દેશના નાગરિકોને ખાદીની વિવિધ ચીજ-વસ્તુઓ ખરીદવા અપીલ કરવામાં આવેલ છે. તેમજ જાહેર સમારંભોમાં ખાદીની બનાવટની ચીજ-વસ્તુઓ ભેટ સ્વરૂપે મહાનુભાવોને આપીને ખાદીને ઉત્તેજન પુરૂ પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ માં જર્મનીની તેમની મુલાકાત સમયે પણ તેમણે "વોકલ ફોર લોકલ અને ખાદી" દ્વારા ખાદી ની પ્રોડક્ટ ખરીદવા અપીલ કરી હતી તથા ખાદીની શાલ ભેટમાં આપેલ હતી.

માન.પ્રધાનમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તા.૨૭/૦૮/૨૦૨૨ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે ગુજરાત રાજ્યની ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી સાથે સંકળાયેલ ૭૫૦૦ અંબર ચરખા સાથે કાંતનાર કારીગરો દ્વારા અંબર ચરખા કંતાઈકામનું નિદર્શન સાથે ખાદી ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેનાથી ખાદીની કામગીરીને વ્યાપક પ્રમાણમાં પ્રોત્સાહન મળેલ છે અને ખાદીના વેચાણમાં વધારો થવા પામેલ છે.

(૨) ચાલુ વર્ષે દર વર્ષની જેમ જ ગાંધી જ્યંતિ નિમિત્તે માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા રાજ્યના માન.મંત્રીશ્રીઓ,માન.ધારાસભ્યશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ દ્વારા રાજ્યના વિવિધ ખાદી ભવન/ખાદી ભંડારમાંથી ખાદીની ચીજ-વસ્તુઓની ખરીદી કરેલ છે. માન.મંત્રીશ્રી,કુટિર અને ગ્રામોધોગ દ્વારા પણ ગાંધી જ્યંતિ નિમિત્તે ગાંધીનગર ખાતેના ખાદી ગ્રામોધોગ ભવનમાંથી ખાદીની ખરીદી કરેલ છે. આમ, ગુજરાતમાં ખાદીની પ્રવૃતિને વધુમાં વધુ વેગ મળે તે માટે ગુજરાત સરકાર કટીબધ્ધ છે.

(૩) ખાદી અને પોલીવસ્ત્રનું ઉત્પાદન તથા વેચાણ વધે તે માટે ગુજરાત સરકારશ્રી દ્વારા બજાર વિકાસ સહાય યોજના તથા ભારત સરકારશ્રી દ્વારા બજાર વૃધ્ધિ અને વિકાસ સહાય યોજના અમલમાં છે. જે અંતર્ગત ખાદીની માન્ય સંસ્થા/મંડળી જો રૂ.૧૦૦/-ની ખાદીનું ઉત્પાદન કરે તો તેને રાજ્ય સરકારશ્રી અને કેન્દ્ર સરકારશ્રીની સહાય મળી કુલ આશરે રૂ.૫૪/- બજાર વિકાસ સહાય મળે છે. જે સંસ્થા/મંડળી દ્વારા છુટક વેચાણ ઉપર ગ્રાહકોને વળતરરૂપે આપવામાં આવે છે. જેથી ખાદીના વેચાણમાં વૃધ્ધિ થાય છે.

| ક્રમ | બજાર વિકાસ સહાય | ધારો કે કોઈ સંસ્થા/મંડળી રૂપિયા ૧૦૦નું ઉત્પાદન કરે તો મળતી બજાર વિકાસ સહાય |
|---|---|---|
| રાજ્ય સરકારશ્રીની સહાય | | |
| ૧ | ૫% કાંતનાર-વણનાર કારીગરોને | રૂપિયા ૬.૨૫ |
| ૨ | ૧૦% સંસ્થા/મંડળીઓને | રૂપિયા ૧૨.૫૦ |
| રાજ્ય સરકારશ્રીની કુલ સહાય | | રૂપિયા ૧૮.૭૫ |
| ભારત સરકારશ્રીની સહાય :-ખાદી અને ગ્રામોધોગ આયોગ મારફતે (કે.વી.આઈ.સી.) | | |
| ૧ | ઉત્પાદનની પડતર કિંમત ઉપર ૩૫% બજાર વૃધ્ધિ અને વિકાસ સહાય | રૂપિયા ૩૫.૦૦ |
| એકંદરે કુલ સહાય | | રૂપિયા ૫૩.૭૫ |

તદ્ઉપરાંત, ગુજરાત સરકારશ્રી દ્વારા ગાંધી જ્યંતિ નિમિત્તે ૨જી-ઓક્ટોબર થી ૩૧મી-ડીસેમ્બર સુધીના સમયગાળા માટે વધારાની ૨૦% ખાસ બજાર પ્રોત્સાહન સહાય જાહેર કરવામાં આવે છે. જેનાથી આ સમયગાળા દરમ્યાન ખાદીના વેચાણમાં વધારો થવા પામે છે.

(૪) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ દ્વારા ખાદીના વેચાણમાં વધારો થાય તે માટે રાજ્યના વિવિધ શહેરો માટે જિલ્લા કક્ષાએ પ્રદર્શન-સહ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવે છે તેમજ ઈલેક્ટ્રોનિક્સ મીડિયા તેમજ પ્રિન્ટ મીડિયા મારફતે જાહેરાત પણ કરવામાં આવે છે.

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતાક્રમ- ૧૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૯૨૧

## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

## માન.ધારાસભ્ય શ્રી હાર્દિકભાઇ પટેલ (વિરમગામ)

| | |
|---|---|
| **પ્રશ્ન ૧** | **બજાર વિકાસ સહાય યોજના શુ છે? તેના ઉદ્દેશ શું છે?** |
| **જવાબ** | ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનો અને તેના વેચાણને વેગ મળે તે માટે ખાદી/પોલીવસ્ત્રની કામગીરી સાથે સંકળાયેલ કાંતનાર,વણનાર કારીગરોને તથા ખાદી/પોલીવસ્ત્રની કામગીરી સાથે સંકળાયેલ સંસ્થા/મંડળીઓને ખાદી/પોલીવસ્ત્રની ઉત્પાદન કિંમત ઉપર સરકારશ્રીની બજાર વિકાસ સહાય યોજના તા.૦૧/૦૪/૨૦૧૬થી અમલમાં છે. આ યોજના હેઠળ મળતી સહાય ખાદી/પોલીવસ્ત્રની સંસ્થા/મંડળીઓ દ્વારા ગ્રાહકોને છુટક વેચાણ ઉપર વળતરરૂપે આપવામાં આવે છે. જેથી ખાદી/ પોલીવસ્ત્રના ઉત્પાદન અને વેચાણને વેગ મળે અને કારીગરોને યોગ્ય રોજગારી મળે છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતાક્રમ- ૧૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૯૨૧

## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

## માન.ધારાસભ્ય શ્રી હાર્દિકભાઇ પટેલ (વિરમગામ)

| | |
|---|---|
| **પ્રશ્ન ૨** | **બજાર વિકાસ સહાય યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે?** |
| **જવાબ** | ગુજરાત રાજ્યમાં ખાદી કામ માટેનું ખાદી ગ્રામોદ્યોગ કમિશનનું ખાદીનું પ્રમાણપત્ર ધરાવતી માન્ય સંસ્થા/મંડળીઓ ગુજરાત સરકારશ્રીની બજાર વિકાસ સહાય યોજનાનો લાભ મેળવી શકે છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતાક્રમ- ૧૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૯૨૧

## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

## માન.ધારાસભ્ય શ્રી દિનેશસિંહ કુશવાહ (બાપુનગર)

| પ્રશ્ન 3 | બજાર વિકાસ સહાય યોજના માટે સહાયનું ધારા-ધોરણ શું છે ? |
|---|---|
| જવાબ | ખાદી/પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમતના પ્રમાણમાં બજાર વિકાસ સહાય યોજના માટે સહાયનું ધારા ધોરણ નીચે મુજબ છે.<br>૧. ૫% કાંતનાર-વણનાર કારીગરોને બજાર વિકાસ સહાય આપવામાં આવે છે.<br>૨. ૧૦% ખાદી સંસ્થા/મંડળીઓને જે બજાર વિકાસ સહાય આપવામાં આવે છે. તે બજાર વિકાસ સહાય સંસ્થા/મંડળીઓ દ્વારા ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રના છુટક વેચાણ ઉપર ગ્રાહકોને વળતર તરીકે આપતી હોય છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતાક્રમ- ૧૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૯૨૧

## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

## માન.ધારાસભ્ય શ્રી દિનેશસિંહ કુશવાહ (બાપુનગર)

| | |
|---|---|
| **પ્રશ્ન ૪** | **બજાર વિકાસ સહાય યોજના હેઠળ સહાય ચુકવવાની વ્યવસ્થા શું છે?** |
| **જવાબ** | ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા/મંડળીઓ દ્વારા ખાદી અને પોલીવસ્ત્રના થયેલ ઉત્પાદનની કિંમત પ્રમાણે ૧૦% બજાર વિકાસ સહાય તથા ૫% કારીગર માટેની સહાયના ક્લેઈમ ઈ-કુટિર પોર્ટલ ઉપર ઓનલાઈન મંગાવવામાં આવે છે. સદરહુ બાબતે સંસ્થા/મંડળીઓ તેમજ કાંતનાર-વણનાર કારીગરોને આર.ટી.જી.એસ.થી બેન્ક મારફતે સીધી સહાય ચુકવવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતાક્રમ– ૧૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૯૨૧

## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

## માન.ધારાસભ્ય શ્રી અમિત ઠાકર (વેજલપુર)

| | |
|---|---|
| પ્રશ્ન ૫ | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ દ્વારા બજાર વિકાસ સહાય સિવાય કાંતનાર-વણનાર કારીગરોને અન્ય કયા લાભ આપવામાં આવે છે ? |
| જવાબ | ૧. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ દ્વારા સંસ્થા/મંડળીઓના કાંતનાર કારીગરોને પ્રતિ આંટી રૂ.૩/- પ્રમાણે સહાય તેમજ વણનાર કારીગરોને પ્રતિ ચોરસ મીટર રૂ.૬/- પ્રમાણે વિશેષ વણકરી સહાય તથા પ્રતિ ચોરસ મીટર રૂ.૨/- પ્રમાણે વણાટ સાધન સહાય આપવામાં આવે છે.<br>૨. નવા અંબર ચરખા અને શાળ ખરીદવા માટે માન્ય સંસ્થા/મંડળીઓને ખાદી ગ્રામોદ્યોગ કમિશન દ્વારા નિયત કરેલ ચરખા/શાળની કિંમતના પ્રતિ નંગ પ્રમાણે પચ્ચીસ ચરખા તથા પાંચ શાળ માટે ૬૫% સહાય આપવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ